# પાલનપુરના બારડપુરામાં ગટરના પાણી રોડ પર આવતા રહીશોનો ચક્કાજામ





પાલનપુર, તા. ૪

પાલનપુર શહેરમાં સફાઈની સમસ્યાનો પ્રશ્ન મોટાભાગના વિસ્તારોમાં યથાવત છે ત્યારે બારડપુરાથી ભક્તોની લીમડી તરફના માર્ગ પર આવેલ ગટરનું નાળું ઓવરફ્લો થઈ જતાં માર્ગ ગંદા પાણીની નદી સમાન બની ગયો હતો. સ્થાનિક રહીશોએ ઉગ્ર રોષ સાથે ચક્કાજામ કરતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ સ્થાનિક રહીશોએ પાલિકાના કર્મચારી, અધિકારીઓ દ્વારા આ વિસ્તારમાં સફાઈ અંગે ભેદભાવ રખાતો હોવાનો આક્ષેપ કર્યો હતો. ગંદકીથી કંટાળેલા સ્થાનિકોએ રોડ પર મોટા પથ્થરોની આડશ ઊભી કરી ત્રણથી ચાર કલાક સુધી માર્ગ બંધ કરી દીધો હતો. ઘટના અંગે શહેરમાં પણ ખબર પડતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. સ્થાનિક રહીશો દ્વારા નગરપાલિકાના અધિકારીને સ્થળ પર બોલાવામાં આવ્યા હતા. અધિકારીએ પરિસ્થિતિ જોઈ તાત્કાલીક ભૂગર્ભ ગટર શાળા અને સેનિટેશન સ્ટાફને બોલાવી સત્વરે સફાઈ કરવાનો આદેશ કરતાં મામલો થાળે પડ્યો હતો. પોલીસ તંત્ર પણ ઘટના સ્થળે આવી પહોંચીને ચક્કાજામ થયેલા ટ્રાફિકને હળવો કરાયો હતો.

# હિંમતનગરના શાયબાપુર ગામે ખરાબાની જમીનમાં અનેકના રૂપિયા સલવાયા

પ્રાંતિજ, તા. ૪

હિંમતનગર તાલુકાના સાયબાપુર ગામના સંયુકત ખાતાઓથી ચાલતી બીડ નામના વાંધા-કોતરવાળી જમીન અનેક લોકોને વેચવામાં આવી છે. લોકોની જમીનની લાલસામાં મોટી રકમો ફસાઈ ગઈ છે. અનેક લોકોને બાનાખત અને દસ્તાવેજ કરી આપ્યા છે. દલાલો-વચેટીયા, તેમજ મહેસુલી કર્મચારીઓની મિલિભગતથી ચાલતા મસમોટા કૌભાંડમાં અનેક લોકો ફસાયા છે.

સાયબાપુર ગામની ૩૦૩ સર્વે નંબરની જમીનમાં અસંખ્ય ખાતેદારો છે. કોતરવાળી જમીન ૪૦ હેક્ટરથી પણ વધુ છે. બહારથી જમીન ખરીદવા આવતા લોકો ૭/૧૨ ૮અ ના ઉતારા જોઈ વધારે જમીન સસ્તામાં મળતી હોવાથી ખરીદવા આકર્ષાય છે. અને કૌભાંડીઓની જાળમાં ફસાય છે. ૧૯૯૭થી અત્યાર સુધી કેટલાય દસ્તાવેજો અને બાનાખત થયા છે. જયારે મહેસુલ વિભાગના કર્મચારીઓ જમીન ખરીદનારને કહે છે કે જમીનની અંદર કિંમતી ખનીજ છે. જમીન માલિક માલામાલ બની જશે તેવા પ્રલોભનો મહેસુલી કર્મચારીઓ પણ આવે છે. જમીનના દસ્તાવેજ બન્યા પછી વાંધા અરજી નાંખવામાં આવે છે. મામલતદાર કચેરીમાં કેસ ચાલે ત્યાની પણ પતાવટ થાય પછી નોંધ પડે પછી નાયબ કલેક્ટરમાં નોંધ રદ થાય કલેક્ટરમાં જાય પછી નોંધ રદ થાય કે પાડી આપે. આમ આખુય રેકેટ ગોળગોળ ફર્યા કરે અને જમીન ખરીદનારના ગજવા ખાલીખમ થઈ જાય છે. રેવન્યુ ડિપાર્ટમેન્ટને જાણ હોવા છતાં કેટલાય દસ્તાવેજો બન્યા છે. કેટલીય નોંધો મંજુર થઈ ૭/૧૨ માંનામ દાખલ થયા છે. તો કેટલાયના રદ થયા છે. આખુય ભ્રષ્ટ પ્રકરણ ગોળ-ગોળ ફર્યા કરે છે. ને લોકોના પૈસા ખાલી થાય છે. સાયબાપુર ગામની સર્વે નંબર ૩૦૩ જમીન પૈકીમાં તંત્રની મિલિભગતથી અને મળતીયાઓના કારણે ઘણું ખોટુ થયેલ છે. આ જમીનના દસ્તાવેજનું પૃથકરણ કરાવી સમગ્ર જમીન સરકાર હસ્તક લઈ લે તો અનેક લોકો લુંટાતા બચી શકે.

## તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સમૂહલગ્ન કડા મુકામે યોજાશે

પ્રાંતિજ, તા. ૪

બાવીસી ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો ૨૨મો સમૂહલગ્ન અને યજ્ઞોપવિત સમારોહ તા. ૧૨ મે, રવિવારના રોજ વિસનગર તાલુકાન કડા મુકામે યોજાશે. શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ આયોજિત ૨૨મા સમૂહ લગ્નોત્સવ અને યજ્ઞોપવિત સમારોહમાં સમાજના વિવિધ ગામના વર, કન્યા અને બટુકો મોટી સંખ્યામાં જોડાશે. સમાજના લોકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# બનાસ ડેરીને સતત બીજીવાર રાજીવ ગાંધી રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત

પાલનપુર, તા. ૪

પાલનપુરના ગૌરવ સમાન બનાસડેરી કે જેણે દૂધ ક્ષેત્રે શ્વેતક્રાંતિ સર્જી સમગ્ર એશિયા ખંડમાં નામ ધરાવે છે ત્યારે આજે બનાસ ડેરીની યશ કલગીમાં આજે વધુ એક પીંછુ ઉમેરાયું છે. અને બનાસડેરીને શ્રેષ્ઠ ક્વોલીટી માટે સતત બીજીવાર રાષ્ટ્રીય કક્ષાનો રાજીવગાંધી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. પરિણામે જિલ્લાના દૂધ ઉત્પાદકો અને પશુપાલકોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

ખેડૂતોની જીવાદોરી સમાન રણમાં મીઠી વીરડી જેવી ઔદ્યોગિક સંસ્થા, બનાસડેરી પશુપાલકો અને ઉત્પાદકોને દૂધના માસિક અંદાજે રૂ. ૩૦૦ કરોડ જેટલી રકમ ચૂકવી રોજગારી પુરી પાડી ખેડૂતો પશુપાલકોનો આધાર બની છે. પરિણામે ૩.૫૦ લાખ કિશાન પરિવારોનું જીવન ધોરણ ઉંચુ આવ્યું છે. ડેરીના આ વિકાસથી આયોજકો દ્વારા ચાલુ વર્ષે સતત બીજી વખત રાજીવ ગાંધી રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવશે. આ એવોર્ડ નવી દિલ્હી ખાતે ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળને આયોજકોએ અર્પણ કર્યો હતો અને સર્વે પરથીભાઈ ભટોળને અભિનંદન પાઠવ્યા હતા.

# ખારેડામાં દૂધ ઉત્પાદક મંડળી બંધ થતાં ગરીબ પશુપાલકોની રોજી છીનવાઈ

ડીસા, તા. ૪

પાટણ તાલુકાના ખારેડા ગામે વર્ષોથી કાર્યરત દૂધ ઉત્પાદક સહકારી મંડળીને તાળા લાગી જતાં દૂધ ભરાવી પરિવારનું ગુજરાન ચલાવતા ગરીબ પશુપાલકોની હાલત કફોડી બની જવા પામી છે ત્યારે હજુ સુધી ડેરી ખુલવાના કોઇ અણસાર નહીં દેખાતા ગ્રાહકો ચિંતિત બની ગયા છે.

પાટણ તાલુકાના ખારેડા ગામે મહેસાણા દૂધ ઉત્પાદક સંઘ સંચાલિત દૂધ મંડળી કાર્યરત હતી. જેમાં કેટલાક ઇસમો ભેળસેળવાળું દૂધ ભરાવી વધારે ફેટ મેળવી વધારે ભાવ મેળવતા હતા. આથી ચોખ્ખું દૂધ ભરાવનાર પ્રમાણિક ગ્રાહકોને બધી રીતે નુકસાન વેઠવું પડતું હતું. આ બાબતે ગ્રાહકો દ્વારા અવાર-નવાર હોબાળા કરવા છતાં ડેરીની વ્યવસ્થાપક કમિટીના સભ્યો દ્વારા સતત આંખ આડા કાન કરવામાં આવતા હતા. મહેસાણા દૂધ સાગર ડેરીના અધિકારીઓના ચેકીંગ દરમિયાન કેટલાંક ભેળસેળીયાઓને પકડી પાડતા તેમની પાસેથી દંડ પણ વસુલાયો હતો. તેમ છતાં ડેરીના સંચાલકોએ ફરી ભેળસેળીયાઓનું દૂધ લેવાનું શરૂ કરતા તાજેતરમાં ખારેડા ડેરીનું બધુ દૂધ બગડી જતા દૂધ ડેરીને તાળા લગાવી ડેરીના સંચાલકો ભુગર્ભમાં ઉતરી ગયા છે. કોઇ જવાબ આપવાની સ્થિતિમાં નથી ત્યારે બીજી તરફ દૂધની આવકમાંથી પોતાના પરિવારજનોનું ભરણપોષણ કરતા અનેક ગ્રાહકો રઝળી પડ્યા છે. વાહન ધરાવતા મોટા ગ્રાહકો અન્ય વિસ્તારની ડેરીઓમાં દૂધ ભરાવવા જાય છે. જ્યારે વાહનની સગવડ નહીં ધરાવતા ગરીબ ગ્રાહકો ભારે મૂંઝવણમાં મુકાયા છે ત્યારે ખરેડાના ગરીબ અને મધ્યમવર્ગના પશુપાલકોની સ્થિતિને ધ્યાને લઇ મહેસાણા દૂધ સાગર ડેરીના અધિકારીઓ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવે અને ભેળસેળીયાઓને છાવરી ગ્રાહકોને નુકસાન પહોંચાડનાર વ્યવસ્થાપક કમિટી રદ્દ કરી કાયદેસરના પગલાં ભરવામાં આવે તેવી ગ્રામજનોની માંગણી છે.

## દેત્રોલી દૂધ મંડળીમાં કલાર્કે ઉચાપત કરતા ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં આવેલ દેત્રોલી ગામે આવેલ દૂધ મંડળીમાં વર્ષ ૨૦૧૨માં મંડળીના કલાર્કે રૂ. ૨.૮૪ લાખની ઉચાપત કરતા ઈડર પોલીસ મથકે શુક્રવારે ફરિયાદ નોંધાી હતી. દેત્રોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીના કલાર્ક શ્રી જેસ્ઠી પ્રવીણચંદ્ર શકંરલાલે તા. ૫-૮-૧૨ના સમય દરમિયાન ૨.૮૪ હજારની કિંમતનો મંડળીનો માલસ્ટોક દૂધ ઉત્પાદકોને બારોબાર વેચાણ કરી મંડળીના ચોપડે રકમ જમા નહિં કરી નાણાંકીય ગેરરીતી કરીને તે નાણા પોતાના અંગત કામે વાપરી નાંખેલ હતા.

# હિંમતનગર પાલીકાના પ્રમુખ, ઉપપ્રમુખની ૬ મે ના રોજ પસંદગી થશે

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરની નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી આગામી તારીખ ૬ મે ના રોજ જાહેર થતાં ભાજપના કયા કોર્પોરેટરના શિરે પ્રમુખ અને ઉપ પ્રમુખનો તાજ પહેરાવશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની જાહેરાતની છેલ્લા કેટલાક દિવસથી રાહ જોઈ રહેલા કાર્યકર્તાઓમાં પણ ભારે ઈંતેજારી જોવા મળી છે.

હિંમતનગર પાલિકાના આગામી અઢી વર્ષની મુદત માટેના પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણી તા. ૬ મે ને સોમવારના રોજ જાહેર થઈ છે. સાબરકાંઠા જિલ્લાના, ભાજપના પ્રમુખની જાહેરાત ન થતા કાર્યકર્તાઓમાં નારાજગી જોવા મળી રહી છે. ત્યારે હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખ તરીકે કોની પસંદગી કરાવશે તેની ચર્ચાના કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

આ અંગે નગરપાલિકાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર નગરપાલિકાના પ્રમુખ તરીકે પલ્લવીબેન ગાંધી જવાબદારી સંભાળી હતી. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રોસ્ટર મુજબ પ્રમુખ તરીકે પુનઃ સામાન્ય બેઠકની જાહેરાત કરવામાં આવી છે. પાલિકાના કોર્પોરેટરમાં પ્રમુખ તથા ઉપપ્રમુખપદને લઈને અનેક અટકળો ચાલી રહી છે. ત્યારે તારીખ ૬ મે ના રોજ ચૂંટણી પછી જ કયા ઉમેદવારની પસંદગી કરવામાં આવશે તેની જાણ થશે.

## હિંમતનગરની સગીરાનું અપહરણ કરી દહેગામનો યુવાન ફરાર

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના વાઘેલા વાસ વિસ્તારમાં રહેતી સગીરાને દહેગામનો એક શખ્સ લગ્નના ઈરાદે લલચાવી ફોસલાવી ગત સનિવારે બપોરે અપહરણ કરી જતા તે ઘટના અંગે સગીરાને પરિવારજનોએ હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુરૂવારે ફરીયાદ નોંધાવી હતી. ટાઉન પોલીસે અપહરણનો ભોગ બનનાર સગીરાની ભાળ મેળવવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

આ અંગે હિંમતનગર ટાઉન પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર શહેરના વાઘેલા વાસમાં રહેતી સગીરાને દહેગામના પોલીસ સ્ટેશન પાછળના વિસ્તારમાં રહેતો જયેશ કનુભાઈ દંતાણી લગ્ન કરવાના ઈરાદે શનિવારે અપહરણ કરી લઈ ગયો હતો. આ શખ્સે સગીરાને લલચાવી ફોસલાવી ગત શનિવારે બપોરના સુમારે ભગાડી ગયો હતો. જે અંગે સગીરાના પરિવારજનોએ ગુરૂવારે હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશને જાણ કરી હતી. પોલીસે દહેગામના શખ્સ વિરૂદ્ધ સગીરાનું અપહરણ કરવાના ગુનાસર ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગોના સર્વાંગી વિકાસ અને પુર્વસનનું શ્રેષ્ઠ કામ કરાયું છે : બંછાનીધી પાની

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠાના રાજેન્દ્રનગર ખાતે ભગવાન મહાવીર વિકલાંગતા સહાય સમિતિ, અમદાવાદ, રાષ્ટ્રીય અંધજન મંડળ અને સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સાબરકાંઠા જિલ્લાના ૧૨૧ વિકલાંગ વ્યકિતઓને નિ શુલ્ક સાધન સહાય કલેકટર બંછાનીધી પાની અને અન્ય મહાનુભવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યુ હતું.

કાર્યક્રમના અધ્યક્ષ અને જિલ્લા કલેકટર બંછાનીધી પાની જણાવ્યું હતુ કે સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગોને પુર્નવસન બાબતમાં ઉમદા કામ કરાયુ છે. જિલ્લામાં સહયોગ કૃષ્ઠ સેવા ટ્રસ્ટ ધ્વારા વિકલાંગોનોને માત્ર સાધન સહાય પૂરી પાડતુ નથી સાથો સાથ તેમને રોજગારીની નવી તકો પણ ઉભી કરે છે. જેનાથી વિકલાંગ કોઈની પર નિર્ભર રહેતા નથી. આજે સાબરકાંઠા જિલ્લાના જરૂરીયાતમંદ ૧૨૧ વ્યકિતઓને હાથો હાથ સહાય પૂરી પાડવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં ભગવાન મહાવીર વિકલાંગતા સહાય સમિતિના -મુખ શ્રી હેમંતભાઈ પીંચાએ -સંગોચિત ઉદબોધન કરતા જણાવ્યુ હતું કે વિકલાંગોને સાધન સહાય આપવાનો ખાસ હેતુ તેમની વિકલાંગતા ઘટાડવાનો છે, જેનાથી વિકલાંગ લોકો આર્થિક રીતે સ્વનિર્ભર બની શકે.

આ સાધન સહાય કેમ્પમાં સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટના સુરેશભાઈ સોનીએ સંસ્થાની રૂપરેખા આપતા જણાવ્યુ હતુ કે, સંસ્થા આજે વટવૃક્ષ બની છે જેમાં ૧૦૦૦થી વધુ લોકોના જીવનમાં -કાશ ફેલાવવાનું કામ કર્યુ છે. આજે ત્રણ સંસ્થાઓના સહયોગથી રૂ. ૪ લાખથી વધુના સાધન સહાય પૂરા પડાઈ રહ્યા છે તે આનંદની વાત છે.



રાષ્ટ્રીય અંધજન મંડળ સાબરકાંઠા જિલ્લાના સેક્રેટરી શ્રી ભાસ્કરભાઈ મહેતાએ -સંગોચિત ઉદબોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લામાંથી ખેલ મહાકુંભમાં ભાગ લઈ વિજેતા બનનાર વિકલાંગ ખેલાડીઓને રૂ. ૨૦ લાખથી વધુના ઈનામ વિતરણ કલેકટરશ્રીના હસ્તે કરવામાં આવ્યા હતા. હિંમતનગર મામલતદાર શ્રી પટેલ, રાષ્ટ્રીય અંધજન મંડળ, સાબરકાંઠાના -મુખ અંબાલાલ -જાપતિ સહિત સહયોગી સંસ્થાના કર્મચારીઓ, જરૂરીયાતમંદ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજમાં આડેધડ પાર્કીંગ થતાં વાહનોથી નાગરિકો પરેશાન

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજના ભાખરીયા બસસ્ટેન્ડથી હજામ ચોક, બજાર ચોક, હનુમાન મંદિર, શાસ્ત્રીબજાર વગેરે સ્થળો તેમજ મુખ્ય માર્ગોપર દરરોજના અસંખ્ય આડેધડ વાહનો પાર્ક થઈ રહ્યા છે. જેથી દરરોજ આ સમગ્ર વિસ્તારમાં ભારે ટ્રાફિકજામના દૃશ્યો સર્જાય છે. અને લોકો પરેશાની ભોગવી રહ્યા છે. ત્યારે ટ્રાફિક પોલીસતંત્ર આ મામલે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના ભાખરીયા વિસ્તારમાં જવાના માર્ગો પર દરરોજ અસંખ્ય લોકો કોઈને કોઈ કામ અર્થે પોતાના નાના મોટા વાહનો લઈને આવે છે. અને જાહેરમાર્ગો પર અણધાર્યો ટ્રાફિક જામ થઈ જાય છે. પરિણામે ચાલતા-અવરજવર કરતા રાહદારીઓ તોબા પોકારી ઉઠ્યા છે. બજારમાં દરરોજના અસંખ્ય ખરીદારો ખરીદી કરવા આવે છે ત્યારે વધુ પ્રમાણમાં લોકોની અવર-જવરથી હાલ કેટલાક વિસ્તારોમાં મોટા વાહનો પસાર થઈ શકતા નથી ત્યારે ટ્રાફિક પોલીસતંત્ર આ મામલે ટ્રાફિકજામ થતા વિસ્તારોમાંથી ટ્રાફિક દૂર કરાવે તેવી માંગણી નાગરિકો કરી રહ્યા છે.

## પાલનપુર દબાણ તંત્રએ દબાણયુક્ત દુકાન દૂર કરી

પાલનપુર, તા. ૪

પાલનપુર શહેરના જાહેર માર્ગો, આંતરિક વિસ્તારો-રહેણાંક વિસ્તારોમાં લોકોએ દબાણ કરી માનવતાની હદ વટાવી દીધી છે ત્યારે આજે અમદાવાદ હાઈવે પર આવેલ એક ઓટો પાર્ટસની દુકાનવાળાએ કરેલ દબાણ શાખા દ્વારા થયેલ ફરીયાદના આધારે તોડી પાડવામાં આવ્યું હતું.

પાલનપુર હાઈવે હોટલો પાછળથી દબાણો દુર કરવા માટે અગાઉથી તંત્રને લોકોની ઘણીબધી ફરીયાદો આવી હતી. એના સંદર્ભે આજે હાઈવેની હોટલ પાછળ આવેલા ગજાનંદ ઓટો પાર્ટસ દુકાન માલીકે રસ્તા પર દબાણ કરી પાકુ કેબીન બનાવીને દબાણ કર્યું હતું તે દબાણ અંગે તંત્ર દ્વારા પાલનપુર નગરપાલિકાના મુખ્ય અધિકારી યુ.ડી. સિન્ધા સર્કલ અધિકારી ચાવડા, યુ.જી.વી.સી. સેલના એન્જીનિયર્સ વી.આર. પટેલ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર સી.જે. સુરેજા, દબાણ અધિકારી આર.કે. સેંગલ, નાયબ મામલતદારની ટીમે જે.સી.બી. તેમજ ટ્રેક્ટર દ્વારા દબાણ તોડી પડાતા લોકોએ તંત્રનો આભાર માન્યો હતો.

## બનાસકાંઠામાં ડી.સી.બી. બેંકની સેવાઓનો આરંભ ખેડુતો માટે કલ્પતરૂ જુથના ચેરમેને શાખા ખુલ્લી મુકી



પાલનપુર, તા. ૪

બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોની સહાય અર્થે ડી.સી.બી. બેંક દ્વારા ડીસા નજીક નાના રસાણા ગામનાં આજે કલ્પતરૂ જુથના ચેરમેન મોરફતરાજ મોનોતે બેંક વગરના ગામમાં બેંક ખુલ્લી મુકી હતી અને જિલ્લાના ખેડૂતોને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ડીસા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને હવે બેંકીંગ ઉત્પાદનો સેવાઓ ઘરઆંગણે મળી રહે તે આશયથી આ સેવા ઉભી કરવામાં આવી છે. આ શાખા ખેડૂતો ખેતી, ખેત વ્યવસાય સંબંધીત ઉત્પાદનો માટે અને બેંક રીટેલ બેંકીંગ વગેરે માટે ખુબ ઉપયોગી નીવડશે. ભારતની એગ્રી લોજિસ્ટીક કંપનીઓમાં સૌથી મોટી કંપની શુભમ લોજીસ્ટીક (કલ્પતરૂ જૂથ)ના એગ્રી લોજીસ્ટીક પાર્કની પસંદગી કરવામાં આવી છે. આ બેંકના ફાયનાન્સીયલ અધિકારી ભરત સંપતે ડી.સી.બી. બેંક ગુજરાત, એમ.પી., મહારાષ્ટ્ર, ઓરિસ્સામાં ફેલાઈ છે. તેની વિગતો આપી હતી આ પ્રસંગે જૂથ ચેરમેન મુનોતે અર્થવ્યવસ્થા અને રીટેઈલમાં એફ.ડી.આઈ. ખુલતા ખેતી માટે અને હાઉસીંગ માટે આ મુદ્દો મોઘો સાબિત થયો છે. માટે શુભમ દ્વારા તેનો ઉકેલ મળે છે. હવે ખેડૂતોને વધુ સવલતો મળી રહેશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાના અગ્રણી ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને અને અધિકારીઓએ તમામ ખેડૂતોને સંપૂર્ણ માહિતી આપી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE
બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ
ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧